ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



**ગેસના ભાવ વધારાને એની બુકિંગ નીતિ બદલતા ગ્રાહકો બન્યા પરેશાન**

## સંખેડા નીલકંઠ ગેસ એજન્સીમાં ડરના માર્યા ગેસ સિલિન્ડર મેળવવા માટે એજન્સી બહાર કતારો લાગી

**ગેસ સિલિન્ડર** નોંધણી માટે અગાઉના સિલિન્ડરથી ૨૫ દિવસ બાદ થઈ શકશે

(પ્રતિનિધિ) સંખેડા, તા.12

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વિપરીત અસરો શરૂ થઈ ગઇ છે. પરિણામે લિક્વિડ પેટ્રોલિયમ ગેસની તંગી વર્તાઈ રહી છે. જેની સીધી અસર સંખેડામાં નીલકંઠ ગેસ એજન્સી માં જોવા મળી રહી છે ત્યારે ગેસ સિલિન્ડરના ભાવ વધારા સહિત તંત્ર દ્વારા એકાએક પોલીસી બદલી નંખાતા ગેસ સિલિન્ડર મેળવવા માટે સંખેડા નીલકંઠ ગેસ એજન્સી ખાતે મસ્ત મોટી લાંબી લાઈનો લાગી ગઈ છે. પરિણામે ફૂડ ઓઈલ અને લિક્વિડ પેટ્રોલિયમ ગેસની આવકમાં ભારે ઘટાડો થયો છે. પરિણામે આની સીધી અસર લોકો પર પડી છે અને તંત્ર દ્વારા ગેસ સિલિન્ડર પર રાતોરાત રૂપિયા ૫૫નો અને કોમર્શિયલ ગેસનો પણ રૂપિયા ૧૦૦થી વધારી દેવા ઉપરાંત ગેસ સિલિન્ડર બૂક કરાવવાની

નીતિ પણ રાતોરાત બદલી દેવામાં આવી છે. મોટાભાગે ઓનલાઈન થતુ સિલિન્ડરનું બુકિંગ



યેનકેન લગભગ બંધ જેવું જ થયું છે. આ ઉપરાંત ગેસ સિલિન્ડર નોંધણી માટે અગાઉના સિલિન્ડરથી ૨૫ દિવસ બાદ થઈ શકશે. આ ઉપરાંત અન્ય સિલિન્ડરની નોંધણી પણ ત્યારબાદ જ કરાશે એવો હાલની નીતિમાં ફેરફાર તાત્કાલિક ધોરણે કરી દેવાયો છે. જેથી કાળા બજારિયાઓને છૂટો દોર મળી જતા ઘરેલુ ગેસનો ભાવ નિયત ભાવથી ઊંચા ભાવે રૂપિયા ૧૦૦૦-૧૨૦૦માં આપતા હોવાની વિગતો પણ ફરતી થઈ ગઈ છે. દરમિયાન સંખેડા વિસ્તારમાં આવેલી નીલકંઠ ગેસ એજન્સી ખાતે પણ સિલિન્ડર સાથે રાખીને ગ્રહકો નોંધણી કરાવવા અથવા તો તાત્કાલિક ડિલિવરી લેવા નીલકંઠ ગેસ એજન્સીની ઓફિસે મસ મોટી લાઈનો વહેલી સવારથી લાગી ગઈ હતી.

**અસહ્ય ગરમીના કારણે મોત, પ્રાથમિક તારણ**

## વાઘોડિયા એસટી ડેપોમાં આધેડનું ગરમીના કારણે મોત

**આધાર** કાર્ડ અને મોબાઇલ નંબર પોકેટમાંથી મળ્યા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.12

નગરમાં આજે અસહ્ય ગરમીના કારણે મોત નિપજ્યાના મામલો સામે આવ્યો છે વાઘોડિયા એસટી ડેપોના કમ્પાઉન્ડમાં આજે બપોરે એક હૃદય દ્રાવક ઘટના જોવા મળી હતી. એસ ટી ડેપોના કમ્પાઉન્ડમાં એક અજાણ્યા આધેડ બેભાન અવસ્થામાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આધેડ પાસે આવી લોકોએ તપાસતા શરીરમાં કોઈ પણ પ્રકારની હરકત જોવા નહીં



મળતા કેટલાક જાગૃત નાગરિકો દ્વારા તાત્કાલિક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સને ફોન કરી જાણ કરી હતી,જો કે કમનસીબે સારવાર મળે તે પહેલા જ આધેડનું મોત નીપજ્યું હોવાની જાહેરાત કરતા ઘટના અંગે વાઘોડિયા ટાઉન પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

વાઘોડિયા પોલીસે પ્રથમ અજાણ્યા મૃતકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃતકના ખિસ્સામાંથી એક પાકિટ મળી આવ્યું હતું, જેમાં આધાર કાર્ડ, ફોટો અને સગા-સંબંધીઓના મોબાઈલ નંબર હતા. તેના આધારે મૃતકની ઓળખ રણછોડભાઈ વસાવા (રહે. મોટી ચીખલી, બોરીદ્રા, જિલ્લો નર્મદા) તરીકે થઈ છે. આ અંગેની જાણ મૃતકના પરિવારને કરવામાં આવી હતી. હાલ સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધ્યો છે. હજી ઉનાળાની શરૂઆત થતાં જ આકાશ માંથી અગન જ્વાળા વરસી રહી છે. તેવામાં ગરમીને કારણે લુ લાગવી અને હિટ સ્ટ્રોક ની ઘટના વધી રહી છે. તેવામાં પ્રાથમિક તપાસમાં રણછોડભાઈનું મોત અસહ્ય ગરમી અને હીટવેવના કારણે થયું હોઈ શકે છે.

**નસવાડી તાલુકામાં જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ફાળવેલી એમ્બ્યુલન્સ**

## રૂ 20 લાખના ખર્ચે બે એમ્બ્યુલન્સ કેટલાય દિવસથી ધૂળ ખાઈ રહી છે

(પ્રતિનિધિ) નસવાડી, તા.12

નસવાડી તાલુકામાં જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા 20 લાખ ના ખર્ચે બે એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી હતી તે છેલ્લા 15 દિવસ થી ધૂળ ખાઈ રહી છે જ્યારે આરોગ્ય અધિકારી એ એમ્બ્યુલન્સ કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ને આપવાની છે તેનો હુકમ કરવાનું જ ભૂલી ગયા.

નસવાડી તાલુકાના ઊંડાણ ના ગામડાઓમાં સગર્ભા મહિલાઓને પ્રસૂતિ નો દુ:ખાવો ઉપડે ત્યારે 108 એમ્બ્યુલન્સ કાચા રસ્તે પહોચતી નથી જેને લઈને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વિકાસશીલ



તાલુકા યોજનાની ગ્રાન્ટ માંથી 20 લાખ ના ખર્ચે ડુંગરો માં ચાલી શકે તેવી એમ્બ્યુલન્સ ખરીદી અને જેમાં એસી ની સુવિધા પણ કરવામાં આવી બે એમ્બ્યુલન્સ છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય અધિકારી એ નસવાડી તાલુકા ને ફાળવી આ એમ્બ્યુલન્સો નું સંચાલન કોણ કરશે કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ને સુપરત કરવાની છે તેનો ઓર્ડર બ્લોક હેલ્થ ઓફિસર ને ના આપવામાં આવતા નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ના કમ્પાઉન્ડ માં બે એમ્બ્યુલન્સો છેલ્લા 15 દિવસ થી ધૂળ ખાઈ રહી છે ગઈ કાલે બે ગામોમાં સગર્ભા મહિલાઓને જીવ ના જોખમે ઝોલી માં નાખીને અને ખાનગી વાહન માં લાવીને દવાખાના માં પહોંચાડવામાં આવી ત્યારે આ એમ્બ્યુલન્સ ઉપયોગી બનત પરંતુ અધિકારીઓ ના વાંકે એમ્બ્યુલન્સો ધૂળ ખાઈ રહી છે જ્યારે કરોડો રૂપિયા સરકાર આરોગ્ય વિભાગ ને ફાળવે છે પરંતુ જિલ્લા ના અધિકારીઓ કાળજી લેતા નથી તેનો આ વરવો નમૂનો છે.

**પ્લાયવુડ શીટ અથડાતા કામદારનું મૃત્યુઃ**

## સંખેડાની ભગવતી વુડ વર્ક્સમાં 17 વર્ષીય અનુપ પુરણ બેદીયાનું મોત

(પ્રતિનિધિ) સંખેડા, તા.12

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા સ્થિત ભગવતી વુડ વર્ક્સ કંપનીમાં એક દુર્ઘટનામાં 17 વર્ષીય કામદાર અનુપ પૂરણ બેદીયાનું મૃત્યુ થયું છે. પ્લાયવુડ શીટ માથામાં અથડાતા તેમને ગંભીર ઈજા થઈ હતી, જેના કારણે સારવાર દરમિયાન તેમનું નિધન થયું.

અનુપ કંપનીમાં પ્લાયવુડ શીટના જથ્થામાં તૈયાર થયેલી શીટ મૂકી રહ્યા હતા, ત્યારે અચાનક એક પ્લાયવુડની શીટ તેમના માથાના ભાગે અથડાઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત અનુપને તાત્કાલિક સંખેડાની CHC હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. વધુ



સારવાર માટે તેમને તે જ દિવસે, 10 માર્ચ, 2026 ના રોજ વડોદરાની SSG હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.

વડોદરાની SSG હોસ્પિટલના સર્જીકલ ICU વિભાગમાં અનુપ સારવાર હેઠળ હતા. બે દિવસની સારવાર બાદ, 12 માર્ચ, 2026ના રોજ વહેલી સવારે 2:30 વાગ્યે ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા.મૃતક અનુપ બેદીયા મૂળ ઝારખંડના રાંચી જિલ્લાના મહુવા બેરા ગામના વતની હતા.

**છોટાઉદેપુરની સરકારી સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સિદ્ધિ હાંસલ**

## કૃતિ પટેલે વિવિધ સ્પર્ધાઓમાં 21 મેડલ અને ટ્રોફી પ્રાપ્ત કર્યાં

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.12

છોટાઉદેપુરની સરકારી સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કૃતિ પટેલે પોતાના પ્રથમ વર્ષના અભ્યાસકાળ દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં બે-ચાર નહીં પરંતુ કુલ 21 મેડલ અને ટ્રોફી પ્રાપ્ત કરીને અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

10 માર્ચના રોજ છોટાઉદેપુરની સરકારી સાયન્સ કોલેજમાં વાર્ષિકોત્સવ એટલે કે એન્યુઅલ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વર્ષ દરમિયાન યોજાયેલી શૈક્ષણિક, સાંસ્કૃતિક



અને ક્રીડા સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવનાર વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન એક એવી વિદ્યાર્થીનીએ સૌનું વિશેષ ધ્યાન ખેંચ્યું, જેણે પોતાની અદભૂત અને બહુમુખી પ્રતિભા દ્વારા હાજર સૌને આશ્ચર્યચકિત કરી દીધા. આ વિદ્યાર્થીની છે કૃતિબેન સુનિલભાઈ પટેલ, જે હાલમાં સરકારી સાયન્સ કોલેજ, છોટાઉદેપુરમાં B.Sc. કેમિસ્ટ્રીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહી છે.

કૃતિબેન પટેલે એન્યુઅલ ડે દરમિયાન કુલ 21 ટ્રોફી અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરીને એક અનોખો રેકોર્ડ સર્જ્યો છે. ખાસ વાત એ છે કે વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીની હોવા છતાં તેમણે વિવિધ ક્ષેત્રોની સ્પર્ધાઓમાં આત્મવિશ્વાસપૂર્વક ભાગ લીધો હતો. તેમના આ સિદ્ધિમાં 13 પ્રથમ ક્રમ, 5 બીજા ક્રમ અને 3 ત્રીજા ક્રમના પુરસ્કારોનો સમાવેશ થાય છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### છોટાઉદેપુર ખાતે 'પરિવાર સશક્તિકરણ અને કુટુંબ આધારિત વૈકલ્પિક સંભાળ' પર જાગૃતિ સેમિનાર યોજાયો



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે 'પરિવાર સશક્તિકરણ અને કુટુંબ આધારિત વૈકલ્પિક સંભાળ અને મજબૂતીકરણ' વિષય અન્વયે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના વાલીઓને વિવિધ સરકારી યોજનાઓથી માહિતગાર કરી, તેઓને આર્થિક રીતે સક્ષમ બનાવી બાળકોનું પરિવારમાં જ યોગ્ય ઘડતર થાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ કચેરીઓના અધિકારીઓને આમંત્રિત કરી વિવિધ કચેરીઓની રાજ્ય/કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ આપવા અંગેની માહિતી આપી યોજનાઓને લિન્કેજ કરવાનાં હેતુથી વિગતવાર સમજ આપવામાં આવી હતી. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીનાં ચેરપર્સન જોલીબેન બી શાહ દ્વારા અનાથ અને એક વાલીવાળા બાળકોના વાલી વારસને જો યોજનાઓનો લાભ પ્રાપ્ત થાય તો આર્થિક રીતે પરિવાર સક્ષમ થશે અને બાળકો શિક્ષણ મેળવતા થશે એમ જણાવ્યું હતું.

#### છોટાઉદેપુર જિલ્લામાં કિશોરીઓને સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષા કવચ પૂરું પાડવા નિ:શુલ્ક HPV રસીકરણ અભિયાન



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની કિશોરીઓના સ્વાસ્થ્યની સુરક્ષા કાજે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગર્ભાશયના મુખના કેન્સર (સર્વાઈકલ કેન્સર) સામે રક્ષણ આપવા માટે જિલ્લામાં નિ:શુલ્ક HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ અભિયાન વેગવંત બનાવવામાં આવ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી ત્રણ મહિનામાં ૧૪ વર્ષની વય ધરાવતી અંદાજે ૧૨,૦૯૭ કિશોરીઓને રસીકરણ હેઠળ આવરી લેવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ કામગીરી માટે જિલ્લાના ૫૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) અને ૧ અર્બન હેલ્થ સેન્ટર ખાતે નિ:શુલ્ક રસી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ અભિયાનના પ્રારંભિક તબક્કામાં અત્યાર સુધી જિલ્લામાં કુલ ૧૫૦ કિશોરીઓનું સફળતાપૂર્વક રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં નસવાડી તાલુકામાં સૌથી વધુ ૫૯ કિશોરીઓને રસી આપવામાં આવી. જ્યારે છોટાઉદેપુર તાલુકામાં ૩૪ અને જેતપુરપાવીમાં ૧૮ કિશોરીઓ, સંખેડામાં ૨૧, બોડેલીમાં ૧૧ અને કવાંટમાં ૮ કિશોરીઓનું રસીકરણ કરવામાં આવ્યું. સર્વાઈકલ કેન્સર એ મહિલાઓમાં થતા ગંભીર રોગો પૈકીનો એક છે, જેને યોગ્ય સમયે રસીકરણ દ્વારા અટકાવી શકાય છે. ખાસ કરીને ૯ થી ૧૪ વર્ષની કિશોરીઓ માટે આ રસી અત્યંત સુરક્ષિત અને અસરકારક માનવામાં આવે છે.

## ટીમ્બરવા પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે ગેરકાદે બાવળના વૃક્ષોનું નિકંદન

(પ્રતિનિધિ) શિનોર, તા.12

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં એક તરફ "એક પેડ માં કે નામ" જેવા અભિયાન દ્વારા વૃક્ષારોપણના મોટા કાર્યક્રમો યોજી પર્યાવરણ જાળવવાનો સંદેશ પાઠવવા આવે છે, ત્યારે બીજી તરફ શિનોર તાલુકામાં જ મહાકાય વૃક્ષોના નિકંદનની ઘટના સામે આવતાં અનેક પ્રશ્નો ઉભા થયા છે.

શિનોર તાલુકાના ટીમ્બરવા ગામ પાસેથી પસાર થતી નર્મદા નિગમની માયનોર મેઈન કેનાલ નજીક લીલા દેશી બાવળના મોટા કદ ધરાવતા મહાકાય વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે.



ટીમ્બરવા ગામથી કરજણ જતી નર્મદા માઈનોર કેનાલ નજીક કેનાલના કિનારે વર્ષોથી ઉભેલા લીલા વૃક્ષોને લાકડા માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે કાપી નાખવામાં આવ્યા હોવાની ચર્ચા સ્થાનિકોમાં ઉઠી રહી છે. સ્થળ પર મોટા મોટા થડિયા જોવા મળતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકોનો પ્રશ્ન છે કે આ પ્રકારનું ગેરકાયદેસર કટીંગ કયા અધિકારીઓના આશીર્વાદથી ચાલી રહ્યું છે.

આ લક્કડખોર ને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે ખરી? મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે લાકડા માફિયાઓ દ્વારા આ દેશી બાવળના લીલા વૃક્ષોનું ગેરકાયદેસર કટીંગ કરવામાં આવ્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## પાદરા સહિત તમામ પેટા વિભાગમાં આજથી MGVCLની મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ

**બાકી રહેલાં** વીજબીલ તાત્કાલિક ભરપાઈ કરી મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવની કાર્યવાહીથી બચવું

(પ્રતિનિધિ) પાદરા, તા. 12

મધ્ય ગુજરાત વીજ લી કંપની દ્વારા પાદરા-૧ સહિત તમામ પેટા વિભાગીય કચેરીઓના વિસ્તારમાં બાકી વીજબીલ ધરાવતા ગ્રાહકો સામે તા.૧૩ માર્ચ ૨૦૨૬, શુક્રવારે "મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ" હાથ ધરવામાં આવનાર હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. MGVCL દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે જેમના વીજબીલ બાકી હોય તેઓએ ડ્રાઈવ પહેલા તાત્કાલિક અને સંપૂર્ણ ચુકવણી કરી દેવી જેથી વીજ કનેક્શન ડિસ્કનેક્શન જેવી કાર્યવાહીથી બચી શકાય. કંપનીએ જણાવ્યું છે કે જો મેગા ડ્રાઈવના દિવસે ગ્રાહકનું વીજ કનેક્શન કપાઈ જશે તો બાકી રહેલી વીજબીલની ૧૦૦ ટકા રકમ સાથે રી-કનેક્શન ચાર્જીસ ચૂકવ્યા બાદ જ સબ-ડિવિઝન કચેરી મારફતે કનેક્શન ફરી શરૂ કરવામાં આવશે. ગ્રાહકો વીજબીલની ચુકવણી કંપનીની સ્થાનિક કચેરી ઉપરાંત ઈ-ગ્રામ સેન્ટર, CSC સેન્ટર, તેમજ વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા પણ કરી શકે છે. તેમાં MGVCLનું વેબ પોર્ટલ, મોબાઈલ એપ, ક્રેડિટ-ડેબિટ કાર્ડ, QR કોડ, તથા UPI એપ્લિકેશન દ્વારા પણ સરળતાથી બિલ ભરવાની સુવિધા ઉપલબ્ધ છે.

### કંજેઠા ગામની સીમમાં કોતરમાંથી ડીકમ્પોઝ હાલતમાં લાશ મળી

શિનોર : શિનોર પોલીસ સ્ટેશને નોંધાયેલ અકસ્માત મોતની વિગત મુજબ તારીખ 17 ફેબ્રુઆરી 2026 થી તારીખ 11 માર્ચ 2026 ના સમયગાળા આ ગુનો બનેલ હતો, જેમાં મૃત્યુ પામનાર સોનલબેન રતનભાઈ રાઠવા સોનલ પાસેથી ચોરી છુપીથી રાખેલ મોબાઈલ ફોન મળી આવતા સોનલને બીક લાગતો સંડાશ જવાનું કહી કોતર બાજુ જાડી જાખરામાં જઈ પોતાની જાતે ગળા ફાંસો ખાઈ મરણ હાલતમાં આ લાશ ડીકમ્પોઝ હાલતમાં મળેલ છે. જેની તપાશ પ્રોબેશનલ પીએસઆઈ એચ.બી.મકવાણા કરી રહ્યા છે. લાશની હાલત જોતાં ગળે ફાંસો હોય કે પછી કોઈએ ખૂન કરીને લાશ ફેંકી દીધી હોય તેની તપાસ થયા પછી હકીકત માલુમ પડે.

## અસાઈ સાંગવાન કંપનીમાં મશીન બ્લાસ્ટ થવાથી ત્રણ કામદારો દઝાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.12

દુધવાડા ગામની કલર કંપનીમાં એસ.એફ.ડી મશીન બ્લાસ્ટથી ત્રણ કામદારો દાઝ્યા, ક્રોસરોડ હોસ્પિટલમાં સારવાર હેઠળ પાદરા તાલુકાના દુધવાડા ગામની સીમમાં આવેલી અસાઈ સાંગવાન કંપનીમાં મશીન બ્લાસ્ટ થવાની ઘટનામાં ત્રણ કામદારો દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં જા.જોગ નોંધ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ વહેલી સવારે અંદાજે ત્રણ વાગ્યાના અરસામાં દુધવાડા ગામની સીમમાં આવેલી અસાઈ સાંગવાન કંપનીના બી.ટા. પ્લાન્ટમાં કામ ચાલતું હતું. તે દરમિયાન એસ.એફ.ડી (સ્પીન ફ્લશ ડ્રાયર) મશીન પર ભીનો કલર સુકવવાનું કામ ચાલી રહ્યું હતું. અચાનક મશીન બ્લાસ્ટ થતા આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનામાં કામદારો અરવિંદભાઈ રામદયાલ સરિયા (ઉ.વ.૨૫), રાહુલભાઈ કમલેશભાઈ શાહુ (ઉ.વ.૩૧) અને દેવેન્દ્રભાઈ બીરેનભાઈ સરિયા (ઉ.વ.૨૬) ગંભીર રીતે દાઝી ગયા હતા. ત્રણેય હાલ દુધવાડા ગામની સીમમાં આવેલી કંપનીની રૂમમાં રહેતા હતા અને મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. બનાવ બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ડભાસા ખાતે આવેલી ક્રોસરોડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને ICU વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે.

### ઘરેલુ ઝઘડામાં યુવતીએ ઝેરી દવા પીધી હાલ ICUમાં સારવાર હેઠળ

પાદરા : ઘરેલુ ઝઘડામાં યુવતીએ ઝેરી દવા પીધી, હાલ ICU માં સારવાર હેઠળ. પાદરા તાલુકાના વિશ્રામપુરા વિસ્તારમાં ઘરેલુ ઝઘડાની ઘટનામાં એક યુવતીએ ઝેરી જંતુનાશક દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ વિશ્રામપુરા ગામમાં મોગલ વગાની પાછળ રહેતી પારૂલબેન ઉર્ફે જાગુ મિનેષભાઈ પરમાર (ઉ.વ.૨૫) પોતાના ઘરે હાજર હતી તે દરમિયાન પારૂલબેનની દીકરી ધ્રુવીશાએ તેમના નણંદ પાયલબેનની દીકરી વૈભવીને હાથે બચકું ભર્યું હતું. આ બાબતે પારૂલબેન પોતાની દીકરીને ઠપકો આપ્યો હતો.

**વર્તમાન પાલિકાના કેટલા સભ્યોને પક્ષ દ્વારા ફરીથી ટિકિટ આપવામાં આવશે કે કેમ ?**

## પાદરા નગર પાલિકાની સામાન્ય સભા બાદ સભ્યોએ એકબીજાને વિદાય આપી

**સભ્યો** દ્વારા એકબીજાને વિદાય આપી શુભેચ્છાઓ પાઠવી

(પ્રતિનિધિ) પાદરા, તા. .12

પાદરા નગર પાલિકાની હાલની મુદત પૂર્ણ થવા જઈ રહી હોય તે પૂર્વે પ્રમુખ સ્વામી ટાઉન હોલ ખાતે પાલિકાની સામાન્ય સભા યોજાઈ હતી. સામાન્ય સભા પૂર્ણ થયા બાદ પાલિકાના ચૂંટાયેલા સભ્યો દ્વારા પરસ્પર વિદાય આપી હતી, જેમાં સભ્યો વચ્ચે ભાવુક માહોલ જોવા મળ્યો હતો. માહિતી મુજબ હાલની પાલિકા બોડીનો કાર્યકાળ પૂર્ણ થવા ગણતરી




ના કલાકો બાકી હોય આગામી સમયમાં નગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાવાની સંભાવના છે. તેને લઈને સભ્યોમાં રાજકીય ચહલપહલ પણ જોવા મળી રહી છે.

સામાન્ય સભા બાદ સભ્યો વચ્ચે આગામી ચૂંટણીને લઈને પણ ચર્ચાઓ સાંભળવા મળી હતી. ખાસ કરીને વર્તમાન પાલિકાના કેટલા સભ્યોને પક્ષ દ્વારા ફરીથી ટિકિટ આપવામાં આવશે કે કેમ ? વોર્ડ ની પેનલ માં સાથે રહેશે કે કેમ ? અને કેટલા સભ્યો ફરીથી ચૂંટાઈ આવશે ? જેવા અનેક પ્રશ્ન અંગે અંદરખાને ગણગણાટ અને ચર્ચાઓ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. અંતે સભ્યો દ્વારા એકબીજાને વિદાય આપી શુભેચ્છાઓ પાઠવી હતી અને તમામ સભ્યોએ સાથે મળીને સમૂહ ફોટોગ્રાફ પણ પડાવ્યો હતો.